# કોઈ પણ કરાર વિના ટ્રમ્પની ચીન યાત્રા પૂરી

**બંને** વચ્ચેની વાતચીતને ઐતિહાસિક અને સીમાચિન્હરૂપ ગણાવવામાં આવી

**ત્રણ** દિવસમાં અનેક વિષયો પર બંને દેશો વચ્ચે ચર્ચા થઇ

**9 વર્ષમાં** કોઈ અમેરિકી પ્રમુખની આ પહેલી ચીન મુલાકાત; રસપ્રદ વાત એ છે કે છેલ્લે 2017માં પણ ટ્રમ્પે જ ચીનની મુલાકાત લીધી હતી

બૈજિંગ, તા. ૧૫(પીટીઆઇ): ચીનના પ્રમુખ ઝી જિનપિંગ અને તેમના અમેરિકી સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે તેમની વાતચીતને ઐતિહાસિક અને સીમાચિન્હરૂપ ગણાવી હતી. અમેરિકી નેતાએ તેમની ત્રણ દિવસની મુલાકાત ખૂબ જ સકારાત્મક માહોલમાં પૂર્ણ કરી હતી, પરંતુ કોઈ વિવાદાસ્પદ મુદ્દાઓ પર કોઈ કરારની જાહેરાત કરવામાં આવી ન હતી. બંને પ્રમુખઓએ ઈરાન યુદ્ધ અને દ્વિપક્ષીય વેપાર તણાવ સહિતના વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર અનેક તબક્કાની ચર્ચાઓ કરી હતી. ત્યારબાદ બેઈજિંગમાં આવેલા 'ઝોંગનાનહાઈ' નામના કડક સુરક્ષાવાળા કમ્પાઉન્ડમાં, જ્યાં ચીનના ટોચના નેતાઓ રહે છે, એક ખાનગી બેઠક સાથે તેમણે પોતાની ચર્ચાનું સમાપન કર્યું હતું. ટ્રમ્પ અને ઝી જિનપિંગે આ સુંદર રીતે તૈયાર કરાયેલા કમ્પાઉન્ડમાં સાથે ટહેલતા-ટહેલતા વાતચીત કરી હતી અને વચ્ચે-વચ્ચે બગીચાના વૃક્ષો અને ફૂલોની પ્રશંસા કરવા માટે તેઓ રોકાયા પણ હતા.

ચીની અહેવાલ અનુસાર, ટ્રમ્પે આ યાત્રાને ખૂબ જ સફળ, વિશ્વમાં ચર્ચિત અને અવિસ્મરણીય ગણાવી હતી.

ઝી જિનપિંગને મારા જૂના મિત્ર ગણાવતા અમેરિકી પ્રમુખએ કહ્યું કે તેઓ તેમના ચીની સમકક્ષ પ્રત્યે ભારોભાર આદર ધરાવે છે અને તેમણે નિખાલસ અને ગહન સંવાદ જાળવી રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ વ્હાઈટ હાઉસમાં ઝી જિનપિંગનું સ્વાગત કરવા માટે આતુર છે. ટ્રમ્પની આ મુલાકાતને ઐતિહાસિક ગણાવતા ઝી જિનપિંગે કહ્યું કે બંને પક્ષોએ વ્યૂહાત્મક સ્થિરતા ધરાવતા રચનાત્મક ચીન-અમેરિકા સંબંધોના નિર્માણની એક "નવી દ્રષ્ટિ" નક્કી કરી છે.

ઝી જિનપિંગે કહ્યું કે અમે સ્થિર આર્થિક અને વ્યાપારી સંબંધો જાળવી રાખવા, વિવિધ ક્ષેત્રોમાં વ્યવહારિક સહયોગ વધારવા અને એકબીજાની ચિંતાઓનું યોગ્ય રીતે નિવારણ કરવા અંગે મહત્વપૂર્ણ સમાન સમજૂતીઓ પર પહોંચ્યા છીએ. બંને પક્ષો આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર સંચાર અને સંકલન મજબૂત કરવા માટે પણ સંમત થયા હોવાનું ઝીએ જણાવ્યું હતું. આ મુલાકાત પરસ્પર સમજણ વધારવા, પરસ્પર વિશ્વાસ ગાઢ બનાવવા અને બંને દેશોના લોકોની સુખાકારીમાં સુધારો કરવા માટે અનુકૂળ છે,

તેમ ઝીએ ઉમેર્યું હતું. સત્તાવાર મીડિયાના અહેવાલો અનુસાર, ઝીએ જણાવ્યું કે પ્રમુખ ટ્રમ્પ જ્યાં અમેરિકાને ફરીથી મહાન બનાવવાની આશા રાખે છે, ત્યાં હું ચીનના લોકોને રાષ્ટ્રીય પુનઃઉત્થાન તરફ દોરી જવા માટે સમર્પિત છું. નવ વર્ષમાં કોઈ અમેરિકી પ્રમુખની આ પહેલી ચીન મુલાકાત છે. આ અગાઉ વર્ષ ૨૦૧૭માં ચીનની મુલાકાત લેનારા છેલ્લા અમેરિકી પ્રમુખ પણ ખુદ ડોનાલ્ડ ટ્રમ્પ જ હતા.

### કોઇ પણ મહત્વના કરાર અંગે સીધો જવાબ આપવાનું ચીને ટાળ્યું

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને મીડિયા સાથેની તેમની દૈનિક બ્રીફિંગમાં, વિવાદાસ્પદ મુદ્દાઓ પર નેતાઓ વચ્ચે થયેલી સમાન સમજૂતીની વિગતો અંગેના પ્રશ્નોના સીધા જવાબો આપવાનું ટાળ્યું હતું. ચીન-યુએસ નેતાઓની શિખર વાર્તા દરમિયાન ઇરાન યુદ્ધને સમાપ્ત કરવા અથવા ભવિષ્યમાં યુએસ ઓઇલ ખરીદવાની સમજૂતી કે કરાર અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં ગુઓએ જણાવ્યું હતું કે ચીન વૈશ્વિક ઊર્જા સુરક્ષા અને ઔદ્યોગિક તથા સપ્લાય ચેનની સ્થિરતાને સંયુક્ત રીતે સુરક્ષિત કરવા માટે તમામ પક્ષો સાથે મળીને કામ કરવા તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે હાલ તત્કાલ પ્રાથમિકતા ગલ્ફ અને મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતાની પુનઃસ્થાપનાને પ્રોત્સાહન આપવાની છે. ચીન દ્વારા અમેરિકાને કિંમતી રેર-અર્થ મેટલ્સ (દુર્લભ ધાતુઓ) સપ્લાય કરવા અંગે બંને નેતાઓ વચ્ચે કોઈ સમજૂતી થઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ગુઓએ કહ્યું કે ચીન હંમેશા વૈશ્વિક ઔદ્યોગિક સપ્લાય ચેનની સ્થિરતા અને સુરક્ષા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ દ્વારા ચીનની વસ્તુઓ પર લાદવામાં આવેલા ઊંચા ટેરિફના બદલામાં ચીને ફોનથી લઈને એરક્રાફ્ટ સુધીની તમામ વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી રેર-અર્થ મેટલ્સની નિકાસ પર નિયંત્રણો લાદ્યા છે. ચીનને સેમિકન્ડક્ટર ચિપ્સની નિકાસ કરવાની અમેરિકા મંજૂરી આપશે કે કેમ તે અંગેના કરાર વિશે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે બેઇજિંગે આ બાબતે પોતાનું સૈદ્ધાંતિક વલણ વારંવાર સ્પષ્ટ કર્યું છે.



## ટ્રમ્પે ચીનમાં શેકેલી બતક સહિત સ્વાદિષ્ટ વાનગીઓની મઝા માણી

**જે** ભાગ્યે જ મુલાકાતીઓને બતાવવામાં આવે છે તે ઝોંગનાન્હાઇ કમ્પાઉન્ડ પણ ટ્રમ્પને બતાવાયું ગાર્ડન ટૂર દરમિયાન ટ્રમ્પ ચીની ગુલાબ જોઈને મંત્રમુગ્ધ થયા

**જિનપિંગે** વ્હાઇટ હાઉસ માટે ગુલાબના બીજ ભેટ આપવાનું વચન આપ્યું

બૈજિંગ, તા.૧૫: અમેરિકી પ્રમુખ ટ્રમ્પની ચીનની ત્રણ દિવસની મુલાકાત શુક્રવારે પુરી થઇ હતી. ટ્રમ્પને ભોજન સમારંભોમાં અનેક ચીની સ્વાદિષ્ટ વાનગીઓનો આસ્વાદ કરાવવામાં આવ્યો હતો. મેનુની પુરી વિગતો તો જાણવા મળી નથી પણ એમ કહેવાય છે કે ટ્રમ્પે ચીનમાં ભોજનમાં શેકેલી બતક, ગાયની પાંસળીઓ, ઋતુગત શાકભાજી, ધીમી આંચે રાંધેલ સાલ્મન માછલી, આઇસ્ક્રિમ અને વિવિધ પ્રકારના ડેઝર્ટ વગેરેની મઝા માણી હતી.

ટ્રમ્પને ચીનના હેવન ટેમ્પલ સહિતના જોવાલાયક સ્થળો પણ બતાવવામાં આવ્યા હતા. શુક્રવારે અમેરિકી પ્રમુખ ટ્રમ્પને ઝોંગનાન્હાઈની એક દુર્લભ ઝલક જોવા મળી હતી - આ એ ગુપ્ત કમ્પાઉન્ડ છે જે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના મુખ્યાલય તરીકે સેવા આપે છે. તેમની સત્તાવાર મુલાકાતના અંતિમ કાર્યક્રમો એવા ચા અને વર્કિંગ લંચ પર બેસતા પહેલા, પ્રમુખને ચીનના નેતા જિનપિંગ દ્વારા ગાર્ડન ટૂર કરાવવામાં આવી હતી. ટ્રમ્પે કહ્યું, આ અત્યાર સુધીના કોઈપણ વ્યક્તિએ જોયેલા સૌથી સુંદર ગુલાબ છે. મેં પ્રમુખને પૂછ્યું: 'શું તમે મને રોઝ ગાર્ડન (વ્હાઇટ હાઉસના ગુલાબના બગીચા) માટે થોડા ગુલાબ આપી શકો,' અને તેમણે હા પાડી. મેં ક્યારેય આટલા મોટા ગુલાબ જોયા નથી. એક સુશોભિત પેવેલિયનમાં, ઝીએ ત્યારપછી ખુલાસો કર્યો કે તેઓ પ્રમુખને ગુલાબના બીજ મોકલશે. ત્યારબાદ ટ્રમ્પ એમ કહેતા સાંભળવા મળ્યા હતા કે આ ગુલાબ વ્હાઇટ હાઉસના રોઝ ગાર્ડનમાં રોપવામાં આવશે. પ્રમુખ જ્યારે ઝોંગનાન્હાઈની બહારની જગ્યાઓની મુલાકાત લઈ રહ્યા હતા, ત્યારે મુલાકાત ગમી રહી છે કે કેમ તેવું પૂછવામાં આવતા તેમણે પત્રકારોને અંગૂઠો બતાવીને સહમતિ બતાવી હતી.

## પેજ 3

### ઉર્વશીનો '1500 કરોડ'નો અવતાર: કાન્સમાં પહેર્યો એટલો મોંઘો ડ્રેસ કે જેમાં IPLની 10 ટીમો આવી જાય!



કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં બોલિવૂડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ પોતાના લૂકથી આખા વિશ્વને ચોંકાવી દીધું છે. ઉર્વશીએ રેડ કાર્પેટ પર આશરે 1500 કરોડની કિંમતનો અત્યંત કિંમતી ડ્રેસ પહેર્યો હતો, જેની કિંમત સાંભળીને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર ફેન્સ રમુજમાં કહી રહ્યા છે કે આ ડ્રેસની કિંમતમાં તો IPLની 10 ટીમો ખરીદી શકાય! વિયેતનામના ફેમસ ફેશન હાઉસ 'જોલીપોલી કોચર' દ્વારા તૈયાર કરાયેલો આ ડ્રેસ અત્યાર સુધીનો સૌથી મોંઘો પોશાક મનાઈ રહ્યો છે. આ લૂક દ્વારા ઉર્વશીએ અંબાણી પરિવારના ઘરેણાં અને મોંઘા ડ્રેસના રેકોર્ડ પણ તોડી નાખ્યા છે. વૈશ્વિક મંચ પર ઉર્વશીનો આ અંદાજ ચર્ચાનો વિષય બન્યો છે.

### જાવેદ જાફરીની પત્ની સાથે 16.24 કરોડની ઠગાઇ



મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે એક્ટર જાવેદ જાફરીની પત્ની હબીબા જાફરી સાથે થયેલી કરોડોની છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આ હાઇ-પ્રોફાઇલ કેસમાં BMCના આસિસ્ટન્ટ કમિશનર મહેશ પાટીલ સહિત 6 લોકો સામે ગુનો દાખલ થયો છે. અંધેરીના બંગલાના પ્રોપર્ટી ટેક્સ સેટલમેન્ટના બહાને આ કૌભાંડ શરૂ થયું હતું. આરોપીઓએ બાંદ્રાના એક પ્રોજેક્ટમાં રોકાણના નામે વિશ્વાસ જીતવા નકલી નકશા અને લેટરહેડ બતાવ્યા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે આરોપીઓ સરકારી મશીનો જેવી ડિવાઈસ લઈને જાફરીના ઘરે પહોંચ્યા અને ત્યાં જ હબીબાના ફિંગરપ્રિન્ટ લઈ નકલી રજિસ્ટ્રી કરી દીધી. આરોપીઓએ ડિસેમ્બર 2025 સુધીમાં કબજો આપવાનું વચન આપી કુલ 16.24 કરોડ પડાવી લીધા હતા. હાલ પોલીસ આ રેકેટના અન્ય સભ્યોની તપાસ કરી રહી છે.

### કાન્સના રેડ કાર્પેટ પર ગુંજ્યો ભારતીય સંસ્કૃતિનો નાદ: આરતી ખેતરપાલ હાથમાં 'ગીતા' લઈને પહોંચી



કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં ભારતીય ઉદ્યોગસાહસિક અને સોશિયલ મીડિયા પર્સનાલિટી આરતી ખેતરપાલે પોતાના અનોખા અંદાજથી સૌના દિલ જીતી લીધા છે. ગ્લેમરસ ગાઉનની સાથે આરતી રેડ કાર્પેટ પર હાથમાં પવિત્ર 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' લઈને ઉતરી હતી.વિદેશી ધરતી પર ગ્લેમરના ઝાકઝમાળ વચ્ચે ભારતીય આધ્યાત્મિકતા અને સંસ્કૃતિને આટલી ગૌરવભેર રજૂ કરવા બદલ સોશિયલ મીડિયા પર તેની ભારે પ્રશંસા થઈ રહી છે. નેટીઝન્સ આ પ્રયોગને "સંસ્કૃતિ અને મોડર્નિટીનું અદભૂત મિશ્રણ" ગણાવી રહ્યા છે. આરતી અવારનવાર ભારતીય મૂલ્યો વિશે વાત કરતી હોય છે, પરંતુ કાન્સ જેવા વૈશ્વિક મંચ પર તેની આ સાદગી અને આત્મવિશ્વાસે તેને રાતોરાત ચર્ચામાં લાવી દીધી છે.

### ગબ્બરના પરિવારની ખુમારી: 1.27 કરોડ લેવાના હોવા છતાં પત્નીએ અંડરવર્લ્ડની મદદ ઠુકરાવી



દિગ્ગજ અભિનેતા અમજદ ખાનના નિધન બાદ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના નામી નિર્માતાઓ પાસે તેમના 1.27 કરોડ બાકી હતા. અમજદ ખાનના પુત્ર શાદાબ ખાને ખુલાસો કર્યો કે, પિતાના અવસાનના થોડા મહિનાઓ પછી મિડલ ઈસ્ટના એક ગેંગસ્ટરે ફોન કરીને આ નાણાં વસૂલ કરી આપવાની ઓફર કરી હતી. જોકે, અમજદ ખાનની પત્ની શૈલા ખાને મક્કમતાથી આ મદદ ના પાડી દીધી. તેમણે કહ્યું કે, "મારા પતિએ ક્યારેય અંડરવર્લ્ડની મદદ લીધી નથી, તો હવે હું આ પરંપરા શરૂ કરવા નથી માંગતી. ઉપરવાળો અમારી રક્ષા કરશે." તે સમયે આ રકમથી પાલી હિલમાં 3-4 ફ્લેટ આવી શકતા હતા, તેમ છતાં પરિવારે સિદ્ધાંતો સાથે બાંધછોડ ન કરી.

#### ઇંધણ કરકસર અભિયાનમાં સુપ્રીમ કોર્ટ પણ જોડાઇ

## સોમ અને શુક્રવારે સુપ્રીમ કોર્ટ કેસોની સુનાવણી વર્ચ્યુઅલ કરશે

**કોર્ટ** રજિસ્ટ્રીના ૫૦ ટકા સ્ટાફને દર સપ્તાહે બે દિવસ વર્ક ફ્રોમ હોમની છૂટ

**જજો** જુદી જુદી કારમાં આવવાને બદલે કાર-પૂલિંગને પ્રોત્સાહન આપશે

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે શુક્રવારે સોમવાર અને શુક્રવારના રોજ માત્ર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જ કેસોની સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે, અને ન્યાયાધીશોએ ઇંધણનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે તેમની વચ્ચે કાર-પૂલિંગની વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

પશ્ચિમ એશિયા સંકટને કારણે બિનજરૂરી ખર્ચમાં ઘટાડો કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા આહવાન બાદ આ પગલું લેવામાં આવ્યું છે. એક પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, પરચુરણ દિવસોમાં (એટલે કે સોમવાર, શુક્રવાર અથવા અન્ય એવા દિવસો કે જેને પરચુરણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યા હોય) લિસ્ટ થયેલા કેસો અને કોર્ટના આંશિક કામકાજના દિવસો દરમિયાન લિસ્ટ થયેલા કેસોની સુનાવણી માત્ર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જ કરવામાં આવશે. તેમાં વધુમાં જણાવાયું છે કે, રજિસ્ટ્રી એ સુનિશ્ચિત કરશે કે વીડિયો કોન્ફરન્સિંગ માટેની લિંક સમયસર મોકલવામાં આવે, સ્થિર વીડિયો કોન્ફરન્સિંગ સુવિધા જળવાઈ રહે અને સમયસર તકનીકી સહાય પૂરી પાડવામાં આવે જેથી માનનીય કોર્ટને કોઈ અસુવિધા ન થાય.

સર્વોચ્ચ અદાલતના આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આગામી આદેશો સુધી રજિસ્ટ્રીની દરેક શાખા અથવા વિભાગના ૫૦ ટકા સુધીના સ્ટાફને દર અઠવાડિયે બે દિવસ સુધી ઘરેથી કામ (વર્ક ફ્રોમ હોમ) કરવાની મંજૂરી આપવામાં આવે છે, શરત માત્ર એટલી કે બાકીનો સ્ટાફ ઓફિસની કામગીરી અવિરત ચાલુ રાખવા માટે ઓફિસમાં હાજર રહે. પરિપત્રમાં જણાવાયું છે કે, સંબંધિત રજિસ્ટ્રારે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે અઠવાડિયું શરૂ થતાં પહેલાં જ સાપ્તાહિક રોસ્ટર તૈયાર કરી લેવામાં આવે. જે સ્ટાફને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે, તેમને ફોન પર ઉપલબ્ધ રહેવા અને જરૂર પડે ત્યારે કોઈપણ સમયે ઓફિસે આવવા માટે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે.

## હોસ્પિટલ પાસેથી નાણા પડાવવા બોમ્બ મૂક્યો

**પુણેની** જે હોસ્પિટલે સારવાર માટે મોટી રકમ માગી હતી તેને જ નિશાન બનાવી, ટ્રેનમાંથી પકડાઇ ગયો



પુણે/નાગપુર, ૧૫ મે(PTI): પુણેની એક ખાનગી હોસ્પિટલમાં કથિત રીતે ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) ગોઠવવાના આરોપમાં પકડાયેલા વ્યક્તિએ હોસ્પિટલ પાસેથી પૈસા પડાવવા માટે આવું કર્યું હતું, કારણ કે તેની પાસે સારવાર માટે પૈસા નહોતા, તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

પુણેના માંજરી વિસ્તારમાં ગારમેન્ટની દુકાન ચલાવતા શિવાજી રાઠોડ નામના આ આરોપીને, તે જ્યારે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ(ATS) દ્વારા રેલવે પ્રોટેક્શન ફોર્સની મદદથી શાલિમાર એક્સપ્રેસમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ ટ્રેન મુંબઈ LTTથી પશ્ચિમ બંગાળમાં હાવડા નજીક શાલિમાર જઈ રહી હતી. બુધવારે સાંજે પુણેના હડપ્સર વિસ્તારમાં આવેલી ઉષાકિરણ હોસ્પિટલના વોશરૂમમાંથી IED મળી આવ્યા બાદ આ મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી. બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS)ની ટીમે આ ઉપકરણને નિષ્ક્રિય કરી દીધું હતું.

પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન તેની ઓળખ પ્રસ્થાપિત થઈ હતી. તેની દુકાનની ઝડતી લેતી વખતે IEDમાં વપરાયેલા ટાઈમરનું ખાલી બોક્સ મળી આવ્યું હતું. આરોપીને શોધી કાઢવા માટે બહુવિધ ટીમો બનાવવામાં આવી હતી, જેને ATSની ટીમ દ્વારા નાગપુરમાં પકડી પાડવામાં આવ્યો હતો.

## "બેરોજગાર યુવાનો 'વંદા'ની જેમ મીડિયા અને RTI એક્ટિવિસ્ટ બની જાય છે: ચીફ જસ્ટિસ

**કામ** વગરના લોકો સોશિયલ મીડિયા કે એક્ટિવિઝમના નામે તંત્રને નિશાન બનાવે છે સિનિયર વકીલના પદ માટે લાલચુ એડવોકેટને કોર્ટે ફટકાર્યા

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઇ) કેટલાક બેરોજગાર યુવાનોની સરખામણી વંદા સાથે કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ આગળ જતાં મીડિયા, સોશિયલ મીડિયા અને આરટીઆઈ (RTI) કાર્યકર્તાઓ બની જાય છે અને સિસ્ટમ પર હુમલા કરવાનું શરૂ કરી દે છે.

મુખ્ય ન્યાયાધીશ કાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે સીનિયર એડવોકેટના પદ માટે પીછો કરવા બદલ એક વકીલને ફટકાર લગાવતી વખતે આ ટિપ્પણી કરી હતી. ખંડપીઠે જણાવ્યું હતું કે સમાજમાં પહેલેથી જ એવા પરજીવીઓ છે જેઓ તંત્ર પર હુમલો કરે છે.


